# સાગરચંદ્રકૃત ક્રિયાગર્ભિત 'ચતુર્વિંશતિજિનસ્તુતિ'

સં॰ મધુસૂદન ઢાંકી
જિતેન્દ્ર શાહ

કવિ સાગરચંદ્રની અહીં પ્રસ્તુત થઈ રહેલી કૃતિ—**ચતુર્વિંશતિ જિનસ્તવ**—નીચેની ત્રણ હસ્તપ્રતોને આધારે સંપાદિત કરી છે :

अ. સ્વ॰ મુનિ પુણ્યવિજયજીએ ઉતારેલી (કે ઉતરાવેલી) સ્તુતિઓના સંગ્રહમાંથી પ્રાપ્ત થઈ છે. એનું સ્રોત મુનિજીએ ત્યાં દર્શાવેલું નથી.

ब. ભાંડારકાર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑરિએન્ટલ રિસર્ચ, પુણેની સાવચૂરિ કાગળની પ્રત ક્રમાંક 259/ A-1882-83. અક્ષરો પરથી તે ૧૭મા શતકની લાગે છે. અને

क. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદની ભેટ-સુરક્ષા સંગ્રહની પ્રત ક્રમાંક 885, જે ૧૫મા-૧૬મા સૈકાની હોવાનું જણાય છે.

ત્રણે પ્રતોના મિલાનથી પાઠ શુદ્ધપ્રાયઃ બની શક્યો છે.

સ્તોત્રકર્ત્તા કાવ્યસંગ્રથન, છંદશાસ્ત્ર, તથા અલંકારશાસ્ત્રના નિષ્ણાત હોવાનું સ્પષ્ટરૂપે જણાય છે. ૨૫ પદ્યમાં નિબદ્ધ પ્રસ્તુત કૃતિમાં ૨૪ વિવિધ છંદોનો વિનિયોગ કર્યો છે. છેલ્લાં ત્રણમાંથી બે (૨૩મા અને ૨૫મા), શાર્દૂલવિક્રીડિતમાં બાંધેલાં, પદ્યો એક તરફ રાખતાં બાકીનાં બધાં જ અલગ અલગ છંદમાં નિબદ્ધ છે. (છંદોનાં નામ મૂલ હસ્તપ્રતોમાં નોંધાયેલાં છે.) પ્રત્યેકમાં ક્રિયાપદ પ્રચ્છન્ન રાખીને કવિએ કાવ્યચાતુરી બતાવી છે. કાવ્ય-બંધારણની દૃષ્ટિએ તેમ જ શૈલીને લક્ષમાં લેતાં, અને તેમાં રહેલાં મર્મ, પ્રવાહિતા, માંજુલ્ય, અને પ્રસાદાદિ મૂલગુણોની ઉપસ્થિતિને કારણે એ મધ્યકાળની સરસ સ્તુતિ-રચનાઓ માંહેની એક ગણી શકાય તેમ છે. કર્ત્તાએ આખરી પદ્યમાં પોતાનું 'સાગરચંદ્ર' નામ પ્રગટ કર્યું છે, પણ સ્વગુરુ, ગચ્છ, આદિનો નિર્દેશ દીધો નથી. સાગરચંદ્ર નામ ધરાવતા કેટલાક મધ્યકાલીન મુનિઓ થઈ ગયા છે અને તેમાંથી આપણા કર્ત્તા કોણ હોઈ શકે તે વિશે હવે વિચારીએ.

(૧) અજ્ઞાતગચ્છીય ગોવિંદસૂરિના શિષ્ય પં॰ સાગરચંદ્રનાં, વર્ધમાનસૂરિના **ગણરત્નમહોદધિ**-(ઈ॰ સ॰ ૧૧૪૩)ની સ્વોપજ્ઞવૃત્તિમાં, બે પદ્ય ઉદ્‌ધૃત થયાં છે[1], જેમાં એકમાં ગૂર્જરેશ્વર જયસિંહદેવ સિદ્ધરાજની પ્રશંસા કરેલી છે. આથી એમનો સમય ઈસ્વી ૧૨મી સદી પૂર્વાર્ધ હોવાનું સ્પષ્ટ છે.

(૨) પૂર્ણતલ્લગચ્છીય હેમચંદ્રસૂરિના, એક ઉત્તર-મધ્યકાલીન પ્રબંધ-કથિત શિષ્ય, સાગરચંદ્ર : એમની કવિતા અને રૂપથી મહારાજ કુમારપાળ પ્રભાવિત થયેલા[2]. તેમનો કાળ પ્રાયઃ ઈસ્વી ૧૧૫૦-૧૧૭૫નો હોવો ઘટે.

(૩) રાજગચ્છીય કવિ માણિક્યચંદ્ર સૂરિના ગુરુ સાગરચંદ્ર, જેઓ પ્રાયઃ ઈસ્વી ૧૨મી સદીના આખરી ચરણમાં થયા છે[3].

(૪) નાગેન્દ્રગચ્છીય વર્ધમાનસૂરિના શિષ્ય સાગરચંદ્ર, જેમની એક અપભ્રંશ રચના તાજેતરમાં પ્રાપ્ત થઈ છે[4], અને જેનો સમય ઈસ્વી ૧૩મી સદીનું ત્રીજું ચરણ હોવાનું જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) પાર્શ્વનાથની તાંત્રિક ઉપાસના સંબદ્ધ કાવ્યના રચયિતા, જે ૧૩થી ૧૫ શતકના ગાળામાં થયા હોવાનો સંભવ છે[૫].

પ્રથમ દૃષ્ટિએ તો સ્તોત્રકર્ત્તા સિદ્ધરાજના સમકાલીન, પ્રથમ સાગરચંદ્ર, હોવાનો સંભવ લાગે છે. કવિતા-પ્રૌઢી તેમ જ કર્ત્તાએ પોતે પોતાના માટે 'વિદ્વાન્' પ્રત્યય લગાવેલો હોઈ એ સંભવ આમ તો બલવત્તર બની રહે છે. પરંતુ તેમાં એક વાંધો આવે છે. ઈસ્વી ૧૪મી સદી ઉત્તરાર્ધના અરસામાં રચાયેલા **ચતુરશીતિપ્રબંધ** અંતર્ગત ''કુમારપાલદેવ-પ્રબંધ''(પ્રતિલિપિ ઈસ્વી ૧૫મા શતકનો પૂર્વાર્ધ)માં કહ્યું છે કે હેમચંદ્રાચાર્યને એક સાગરચંદ્ર નામક રૂપવાન્ અને વિદ્વાન્ શિષ્ય હતા. એમણે ક્રિયાગુપ્તક **ચતુર્વિંશતિ-નમસ્કારસ્તવ**ની રચના કરેલી જેનો સંધ્યા-પ્રતિક્રમણ સમયે પાઠ કર્યો, જે સાંભળી રાજાએ (કુમારપાળે) ઉદ્ગાર કાઢ્યા ''અહો કવિતા ! અહો રૂપ !''[૬] હવે આ સંદર્ભમાં જે સ્તોત્રનો ઉલ્લેખ છે તે તો સ્પષ્ટતઃ અહીં સંપાદિત સ્તોત્ર જ જણાય છે. અને જો પ્રબંધકારે સિદ્ધરાજને સ્થાને કુમારપાળ ન ઘટાવી લીધું હોય તો આ સ્તોત્રનો રચનાકાળ પ્રાયઃ ઈસ્વી ૧૧૫૦-૧૧૬૦ના અરસાનો થાય. સિદ્ધરાજ પુત્રહીન હતો અને કુમારપાળને પણ પૂર્વાસ્થામાં પુત્ર કદાચ થયો હોય તો તે હયાત નહોતો. અત્યારે તો પ્રકૃત સ્તવન હેમચંદ્ર શિષ્ય સાગરચંદ્રકૃત માનવું ઠીક રહેશે.

આ સ્તુતિના કાવ્યાંગ, અલંકાર-વિચ્છત્તિ, ગોપનીય ક્રિયાપદ, રસ આદિની ચર્ચા તો કાવ્યશાસ્ત્રના તજ્જ્ઞો કરે તે ઉચિત ગણાય. ત્રણ હસ્તપ્રતોનું મિલન કરી પાઠ તૈયાર કરવામાં પં૰ મૃગેન્દ્રનાથ ઝા તથા શ્રી અમૃત પટેલની મળેલી સહાયનો સાભાર સહર્ષ સ્વીકાર કરીએ છીએ.

**ટિપ્પણો :**

૧. આ વિષયક વિગતો માટે જુઓ મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૨, પૃ૰ ૨૫૪-૨૫૫, કંડિકા ૩૬૧-૩૬૩.

૨. તદંગે વિશેષ ચર્ચા માટે જુઓ પ્રથમ સંપાદકનો લેખ ''કવિ રામચંદ્ર અને કવિ સાગરચંદ્ર,'' **સંબોધિ** અંક ૧૧/૧-૪, અમદાવાદ ૧૯૮૨-૮૩, પૃ૰ ૬૮-૮૬. આ લેખને સાંપ્રત સંકલનમાં સમાવી લીધો છે : જુઓ અહીં પૃ૰ ૧૫૮-૧૬૯.

૩. એજન.

૪. જુઓ રમણીક શાહ, ''આ. વર્ધમાનસૂરિ-શિષ્ય શ્રી સાગરચંદ્ર મુનિ વિરચિત ઉત્તરકાલીન અપભ્રંશ ભાષા-બદ્ધ નેમિનાથ રાસ,'' **અનુસંધાન** અંક ૧૦, અમદાવાદ ૧૯૯૭, પૃ૰ ૩૬-૪૩. સંપાદકે ત્યાં પ્રસ્તુત વર્ધમાન સૂરિને **ગણરત્નમહોદધિ**ના કર્ત્તા માન્યા છે, પરંતુ તે ગ્રંથકર્ત્તાએ તો પોતાના ગચ્છનું નામ આપ્યું નથી અને ગુરુરૂપે ગોવિંદસૂરિનું નામ આપ્યું છે. બીજી બાજુ નાગેન્દ્રગચ્છમાં થયેલા જે વર્ધમાન સૂરિએ એમનું **વાસુપૂજ્યચરિત્ર** સં૰ ૧૨૯૯ / ઈ૰ સ૰ ૧૨૪૩માં સમાપ્ત કરેલું, તે વર્ધમાનસૂરિ આ નેમિનાથ રાસવાળા સાગરચંદ્રના ગુરુ હોવાનું સંભવે છે.

૫. જુઓ श्रीसागरचन्द्रसूरिविरचितः श्रीमन्त्राधिराजकल्पः, मन्त्राधिराज-चिन्तामणि,'' **જૈનસ્તોત્રસંદોહ,** દ્વિતીય ભાગ, સં૰ ચતુરવિજય મુનિ, અમદાવાદ ૧૯૩૬, પૃ૰ ૨૨૭-૨૨૮.

૬. સં૰ આચાર્ય જિનવિજયમુનિ, સિંઘી જૈન ગ્રંથમાળા, ગ્રંથાંક ૪૧, મુંબઈ ૧૯૫૯, ''નરવર્મપ્રબંધ,'' પૃ૰ ૧૧૨-૧૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्रीसागरचन्द्रसूरिविरचितं विविधच्छन्दोऽलङ्कृतं क्रियागुप्तकं च श्रीचतुर्विंशतिजिनस्तवनम्

**( मालिनी वृत्तम् )**

जगति जडिमभाजि व्यञ्जितापूर्वनीते !
प्रथमजनिततीर्थाभ्युन्नते ! **नाभिसूते** ।
जिन[१] ! वृजिनवितानध्वंसिनी तावकीन
क्रमकमलनमस्यां [२]काञ्चनस्याभिलाषम् ॥१॥

**( शिखरिणी वृत्तम् )**

अपेतः [३]कर्माब्धेरचलपरिचर्यापरिचयात्
प्रतिष्ठामापन्नः शिवमजरमासाद्य परमम् ।
रजन्याः स्वामीव त्व**मजित** ! जिनास्मासु तमसः,
समुच्छ्रायं छायादलिततपनीयाम्बुजरुचे ! ॥२॥

**( वसन्ततिलका छन्दः )**

श्री**शम्भव** ! त्रिभुवनाधिपते ! रयेण
व्यालोलमिन्द्रियबलं बलवन्निगृह्य ।
निर्मूलितोच्चतममोहमहीरुहेण
गम्भीर एष भगवन् ! भवता भवाब्धिः ॥३॥

**( मञ्जुभाषिणी )**

भवतः स्वभावसुभगाङ्गचङ्गिम-
व्यवधानभीरुमनसो[४]ऽ**भिनन्दन** !
मरुतां गिरौ जननमज्जनोत्तरं
नवबन्धुरा[५]भरणडम्बरं सुराः ॥४॥

**( त्रोटकम् )**

यदि सिद्धिवधूपरिरम्भविधौ
त्वरितोऽसि ततः सुमते ! **सुमतिम्** ।
विनिबर्हणमुल्बणमोहतते-
स्तुहिनामलसद्गुणकेलिगृहम् ॥५॥

**( मन्दाक्रान्ता छन्दः )**

श्रीमत्**पद्मप्रभ** ! जिन ! भवान् भव्यपद्मैकभानो !
पादानम्रान्न पुनरितरान् दुर्गतिद्वारतो यत् ।
नैतन्न्याय्यं तव खलु जने दर्शितप्राति[६]कूल्ये
सौहार्दं वा दधति सदृशी विश्रुता चित्तवृत्तिः ॥६॥

**( दोधकवृत्तम् )**

विश्वजनीन ! **सुपार्श्व**जिनेन्दो !
वारिनिधे ! करुणारसराशेः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्वद्गुणभावनयामतिमान्य[९]:
स्वस्ति परं परयाऽपि स[१०]तुल्यम् ॥७॥

(भुजङ्गप्रयातम्)

तवान्त:सभं देशनारम्भभाजः
स्फुरन्त्याद[१]राभावितन्यासमन्तात् ।
जनः [१०]स्वेऽतिमानं चिरोपार्जितेन[११]
मलेनेव **चन्द्रप्रभ** ! प्रोज्झितात्मा ॥८॥

(पुष्पिताग्रा वृत्तम्)

**सुविधि**जिन ! कदाचनापि पङ्को-[१२]
द्भवसुभगौ सकलश्रियां निवासौ ।
न हृदयविषयं त्वदीयपादौ
नियतमतोऽहमभाजनं शुभानाम् ॥९॥

(द्रुतविलम्बितम्)

खरतराघनिदाघभवक्लम[१३] प्रशमवारिद ! देव ! नतात्मनाम् ।
भगवता भवता शुभमद्भुतं, चरितपूतमहीतल ! **शीतल** ! ॥१०॥

(उपजातिश्छन्दः)

जलाञ्जलिं दातुमना जन ! त्वं
बलीयसे चेद्भवशात्रवाय ।
वितीर्णलोकत्रयकम्पनाय
**श्रेयांस**मश्र[१४]स्तरसस्तदानीम् ॥११॥

(स्रग्विणी वृत्तम्)

स्वामिनः किन्नराणां नराणां च ये स्वर्गिणो ये सुरैश्वर्यभाजश्च ये ।
प्राप्य सर्वेऽप्यहंपूर्विकां सर्वदा ते भवत्पूजने **वासुपूज्य** ! प्रभो ! ॥१२॥

(गुणमणिनिकरश्छन्दः)

[१५]निरुपमपरहितवितरणनिरत !
त्वमसमशमधननिधनविरहित ! ।
**विमल** ! विमल[१६]तमगुणगणविभवैः
सकलभुवनतलवदनतिलकताम् ॥१३॥

(स्वागता छन्दः)

शीतदीधितिकलारुचिरमा त्वद्गुणावलिर**नन्त** ! जिनेश ! ।
यो न कृत्स्नजगतामपि [१७]कुक्षौ मादृशां कथमसौ कलनीया ॥१४॥

(रुचिता छन्दः)

चिरार्जिता सुचिरपित्तजन्मना गुरूष्मणा प्रति[१८]कलमाकुलीकृताः ।
गिरं पयो [१९]मधुरतरां निपीय ते शरीरिणो जिनवर ! **धर्म** ! निर्वृतिम् ॥१५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(प्रहर्षिणी वृत्तम्)

संसारे वन इव दुर्गतित्रियामा व्यापारस्खलितदृशां चिरं जनेन ।
प्रत्यूषे रविमिव सुक्षिणेन (?) वीक्ष्य त्वां **शान्ते** ! प्रकटित[२०]दुर्गमोक्षमार्गम् ॥१६॥

(प्रमिताक्षरा छन्दः)

कृतक[२१]र्मनिर्मथन ! **कुन्थु**जिन ! प्रयतस्त्वमुज्ज्वल तपश्चरणे ।
अपि सार्वभौम विभवं तृणवन्नतनैकना[२२]किजनराजगण ! ॥१७॥

(शालिनी वृत्तम्)

क्षान्त्याधार ! ध्वस्तदुर्वारमार ! ज्ञानोदार ! प्राप्तसंसारपार ! ।
[२३]मुक्तेद्वार ! व्यक्तधर्मावतार ! स्वर्णाकार ! प्राणिजातं **जिनार** ॥१८॥

(वैश्वदेवी वृत्तम्)

[२४]गीर्वाणश्रेणिमुक्तमन्दारमाला
स्रस्तं किञ्जल्कं सर्वतो विस्फुरन्तम् ।
एतस्मिन्नीले **मल्लिनाथ** ! त्वदङ्गे
प्रात[२५]स्सं भानोर्व्योमनीव प्रकाशम् ॥१९॥

(प्रबोधिता छन्दः)

मृगनाभिसनाभितां[२६] रुचा वपुषस्त्वं यदि **सुव्रत** ! प्रभो ! ।
ननु निर्मल निर्मलात्मनामुपमानत्वमुपागतः कथम् ॥२०॥

(पथ्या छन्दः)

भवतः क्रमाङ्गुलिनखावलीनिर्गतै
रजनीश्वरोज्ज्वलतरैः प्रभाजालिकैः[२७] ।
भगवन् ! **नमे** ! नमनशालिनां मौलिषु
[२८]स्फुटमालतीकुसुममालिकालङ्कृतिः ॥२१॥

(हरिणी वृत्तम्)

नियतमिति नो मिथ्यावादाः स्मरं सह [२९]तृष्णया,
यदसि विमुखो राजीमत्यामथापि नृपश्रियाम् ।
कथमिव ततः स्वामिन् ! **नेमे** । रतो विरतिः स्त्रियां
शिवपदपुरः साम्राज्याप्तौ भृशं च समुत्सुकः ॥२२॥

(शार्दूलविक्रीडितम्)

भर्ता भोगभृतां मणिप्रणयवान् यदूर्ध्वमार्गे[३०]ऽशुभद्
ध्यानाग्नेः स्खलयन् स्फुलिङ्गशबलं धूमोद्गमाडम्बरम् ।
स त्वं **पार्श्व** ! विशुद्धवैभवनिधे ! व्याधूतभूतग्रह-
ग्रामस्थाम सुनामधेय ! भगवन् ! विघ्नौघनिघ्नं जनम् ॥२३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(स्त्रग्धरा छन्दः)

आत्मन्युद्धूतरागे विशदतरलसज्ज्ञानलक्ष्मीर्यदीये
यस्मिन् कल्पद्रुरूपे प्रणयमुपगते स्वेषु वेश्माङ्गणेषु ।
यत्पादाग्रेण मेरु क्षितिधरमधुना देवदेव ! पुमांसो
भीतत्राणैकतानं व्यसनशतविनाशाय तं **वर्धमानम्** ॥२४॥

(शार्दूलविक्रीडितम्)

इत्थं तीर्थकृतां ततेस्त्रिभुवनश्रीमौलिलीला[३१]स्त्रजो
विद्वान् **सागरचन्द्र** इत्यभिधया लब्धप्रसिद्धिस्तुतिम् ।
सर्वाङ्गं परितन्वतीं सुमनसामानन्दरोमोद्गमं
नानावृत्त[३२]निवेशपेशलतरै र्युक्तां क्रियागुप्तकैः ॥२५॥

---

**पाठान्तराणि :**

१. (क) जनवृजिन, २. (ख) कंजनस्या, ३. कम्मा, ४. (क) मनसेभिनन्दन, ५. (क) रम्यडम्बरं, (ग) वनबन्धुरा भरण ऽम्बरंसुराः, ६. (ख) कौल्ये, ७. (क) मान्याः, ८. (ख) सुतुल्यम्, ९. (क) सदा, (ग) दरादा, १०. (क) श्रेति, ११. (ख) तैनो, १२. (ख) भव, १३. (क) क्रम, १४. (क) ध्यस्त, १५. (क) निरुपधि, १६. (क) रमतगुणगण, १७. (क) क्षुक्षै, १८. (क) कूल, १९. (क) (ख) मधुरतां, २०. (क) दक्ष, २१. (ख) वर्म, २२. (ख) (ग) नाक (ग) नराजणः, २३. (क) मुक्तिद्वार, २४. (ख) निर्वाणश्रेणी, २५. (ख) (ग) स्त्य, २६. (क) त्वां, २७. (ख) जालकैः, २८. (क) स्मित, २९. (ख) कृष्णया, ३०. (क) (ग) भागे, ३१. (ख) स्र, ३२. (क) वृत्ति,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org